# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, જુનાગઢ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧

ફોન નં. : ૦૨૮૫ – ૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ **website : forumjunagadh.pgvcl@gebmail.com**

**CIN:U40102GJ2003SGC042908**


પીજીવીસીએલ/સીજીઆરએફ/૪૩/ક્વા-૦૪/૨૦૨૧-૨૨/૩૫૩ તા.૧૯.૦૩.૨૦૨૨

૨૦૦૩ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં. ૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ જુનાગઢના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG – ૪૩/ક્વા-૦૪/૨૦૨૧-૨૨**

અરજદાર: શ્રી પ્રતાપ બાયો ફ્યુલ C/O. કલ્યાણ હોટલ ગામ – જામ ખંભાળિયા

સબડીવીઝન: ખંભાળિયા શહેર

**:: વિરુધ્ધ ::**

સામાવાળા: કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી જામ ખંભાળિયા

**:: કોરમ ::**

૧) ચેરપર્સન : શ્રી બી.પી.બુચ

૨) મેમ્બર સ્વતંત્ર : શ્રી એન.એસ.પંડયા

તારીખ: મંગળવાર (૨૨-૦૨-૨૦૨૨)

**:: અરજદારની રજૂઆત ::**

૧.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે, અમો ખંભાળિયા જી.આઇ.ડી.સી. વિસ્તાર માં ગ્રાહક નંબર: ૩૨૦૦૧/૫૦૨૨૪/૯ વાળું ૧૦૦ કી.વો. નું ઔધોગિક હેતુનું વિજ્જોડાણ પીજીવીસીએલ શહેર પેટાવિભાગ, ખંભાળિયા કચેરી હેઠળ ધરાવીએ છીએ.સદર વિજજોડાણમાં એસ.આર નં. ૧૭૫૫૧૭૦ અન્વયે ૭૭.૫૮ કી.વો. માથી ૧૦૦ કી.વો. નો લોડ વધારો કરવા માટે રસીદ નં. ૯૮૬૨૦૦ તા.૦૨-૧૨-૨૦૦૯ ના રોજ ડિપોઝિટ ની રકમ રૂપિયા ૫૮૮૯૧ ભરપાઈ કરેલ છે અને અમોને ૧૦૦ કી.વો. મુજબ વીજબિલ પણ નિયમિત મળે છે.અમોએ ઉપરોકત વિગતે ભરેલ ડિપોઝિટ અમારા વીજબિલ માં છપાઈને આવતી નથી. આ બાબતે અમોને ધ્યાનમાં આવતા તા. ૦૪-૦૯-૨૦૨૧ના રોજ નાયબ ઈજનેરશ્રી, શહેર પેટા વિભાગ, પીજીવીસીએલ, ખંભાળિયા ને ડિપોઝિટની રકમ અમારા બીલમાં ચડાવવા તેમજ સદર ડિપોઝિટ ભર્યાની તારીખથી અત્યાર સુધીનું ડિપોઝિટ ઉપરનું નિયમ મુજબનું વ્યાજ આપવા લેખિત માં અરજી આપેલી. આમ છતાં અમારા વીજબિલ માં સદર ડિપોઝિટ છપાઈને

ન આવતા, રૂબર તપાસ કરતાં આપની એસ.આર. નં ૧૭૫૫૧૭૦ વાળી લોડ વધારાની અરજી સિસ્ટમમાં કેન્સલ બાય યુઝર બતાવે છે. તેથી આપના બિલ માં આ ડિપોઝિટ ની રકમ ચડશે નહીં એવો મૌખિક જવાબ મળેલ છે.આમરી લોડ વધારની અરજી અંગેની કાર્યવાહી કર્યા બાદ અમોને નિયમિત લોડ વધારનું મુજબનું૧૦૦ કી.વો. નું વીજબિલ મળે છે તો સિસ્ટમ માં અમારી અરજી કેન્સલ થઇ હોય તે બાબત ગળે ઊતરતી નથી.અમારી અરજી ધ્યાને લઈ અમારા વીજ બિલ માં સદર ડિપોઝિટ ની રકમ ઉમેરવા તથા ડિપોઝિટ ભર્યાની તારીખ થી અત્યાર સુધીનું વ્યાજ અમોને આપવા યોગ્ય હુકમ કરવા વિનંતી.આમ અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૨.૦ અરજદાર પ્રતાપ બાયો ફ્યુલ એ ખંભાળિયા શહેર પેટા કચેરી હેઠળ ગ્રાહક નંબર ૩૨૦૦૧૫૦૨૨૪૯ થી ૧૦૦ કિલોવોટ નું ઇન્ડ. વીજ જોડાણ ધરાવે છે. સદર વીજ જોડાણ માં જે તે સમયે ૭૭.૫ કિલોવોટ માથી ૧૦૦ કિલોવોટ(૨૨.૫ કિલોવોટ નો લોડ વધારો) સુધીનો લોડ વધાર વખતે રસીદ નંબર ૯૮૬૨૦૦ તારીખ ૦૨.૧૨.૨૦૦૯ થી ડિપોજિટ પેટે ૫૮૮૯૧/- ભરપાઈ કરેલ જે ડિપોજિટ ની રકમ અમારા વીજ બિલ માં છપાઈ ને આવતી ના હોય જે અરજદારને ધ્યાને આવતા તારીખ ૦૪.૦૯.૨૦૨૧ ના રોજ સ્થાનિક કચેરી ને ડિપોજિટ ઉપર મળવા પાત્ર વ્યાજ વીજ બિલમાં મજરે આપવા બાબતે લેખિત માં જાણ કરેલ

૨.૧ સદર બાબતે કોઈ કાર્યવાહી ન થતાં અરજદાર દ્વારા સંદર્ભિત પત્ર નંબર૧ થી સીજીઆરએફ સમક્ષ રજૂઆત કરેલ છે. જે અન્વયે નાયબ ઇજનેર શહેર પેટા વિભાગ ખંભાળિયા ના પત્ર નંબર કેટીએસડી/ટેક/એચઆર/રેવ/૨૨/૧૪૦૮મુજબ ગ્રાહક ના માસ્ટર લેજર માં ડિપોજીટ સુધારી ને રૂપિયા ૨૩૫૧૬૦ કરવામાં આવેલ છે તેમજ ડિપોજીટ પર વર્ષ મુજબ ગણતરી કરીને ગ્રાહક ના ખાતા માં દિવશ -૭ માં જમા કરી આપવામાં આવશે.જે ગ્રાહક ને માન્ય છે તથા તા. ૨૧.૦૨.૨૦૨૨ સમાધાન પત્ર માં સહી કરી આપેલ છે.

## :: હુકમ ::

3.0 અરજદારશ્રીની રજૂઆત અન્વયે પેરા નં ૧.૦ અન્વયે પેરા નં. ૨.૧ મુજબ પીજીવીસીએલ કંપની ની ખંભાળિયા શહેર પેટા વિભાગીય કચેરી દ્વારા ફરીયાદનું નિરાકરણ થતા પીજીવીસીએલ જામ ખંભાળિયા વિભાગીય કચેરી દ્વારા અરજદારની સહીવાળું સમાધાન પત્ર તા. ૨૧.૦૨.૨૦૨૨ થી રજુ કરેલ હોય ફોરમ કક્ષાએથી આ અરજી દફતરે કરવાનો નિર્ણય લીધેલ છે.

3.૧ આમ ફોરમ દ્વારા અરજદારશ્રી ની કંપની ફરિયાદ અન્વયે કઈ કરવાનું રહેતું ન હોય અરજદારશ્રી ની સદર ફરીયાદ દફતરે કરવામાં આવે છે.

3.૨ આ સાથે અરજદારશ્રી ની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | |
|---|---|
| શ્રી એન.એસ.પંડયા | શ્રી બી.પી.બુચ |
| સ્વતંત્ર સભ્ય | ચેરપર્સન |